ગાંધીનગર સમાચાર
ઉત્તર ગુજરાત
તા. ૧૨-૧-૨૦૨૨, બુધવાર


# સાવધાન : ધરતી ઉપર હીમયુગની આહટ..!!

## વૈશ્વિક તાપમાનની આડ અસરો પૃથ્વીને થીજાવી દેશે : ગ્લોબલ વોર્મિંગ પછી હવે ગ્લોબલ કુલીંગનો ખતરો

બાયડ તા.૧૧

સૃષ્ટીનો નિયમ પરીવર્તનનો છે પરંતુ અત્યારે વિશ્વભરના વાતાવરણમાં જે રીતે પરીવર્તનો અનુભવાય છે તે વૈજ્ઞાનિકો માટે ચિંતાનું કારણ બન્યા છે. વૈશ્વિક તાપમાનની આડઅસરોથી ઉનાળામાં આગ આંકતી ગરમી દેશભરમાં અનુભવાયા પછી વર્તમાન શિયાળામાં દેશ સહિત વિશ્વના અનેક દેશોમાં અસામાન્ય ઠંડી સાથે બરફ વર્ષા ફરી એકવાર ચિંતાનું કારણ બની છે અને ઉત્તર ભારતમાં તો બરફ વર્ષાથી જનજીવન ઠૂઠવાઈ જતાં ઠંડીનો પ્રકોપ ધરતી ઉપર હીમયુગની આહટ સંભળાવતો હોવાનું કેટલાક વૈજ્ઞાનિકો માની રહ્યા છે.

વર્તમાન શિયાળામાં ઈંગ્લેન્ડ, અમેરીકા, ડેન્માર્ક, સ્વીડન, ળાન્સ, બેલ્ઝીયમ અને જાપાન સહિતના અનેક દેશોમાં ભારે બરફ વર્ષા શરૂ થઈ છે જ્યારે ઉત્તર ભારતમાં પણ કાતિલ ઠંડીના મોજા સાથે શ્રીનગર અને જમ્મુમાં બરફ વર્ષાથી જનજીવન અસ્ત વ્યસ્ત થઈ ગયું છે. સમગ્ર ઉત્તર ભારત તો જાણે ફ્રીઝમાં ફેરવાઈ ગયું હોય તેમ કાતિલ ઠંડીથી મૃત્યુ આંક પણ વધી રહ્યો છે. તે જ રીતે ઉત્તર ગુજરાતની નજીકના સરહદી રાજસ્થાનના એકમાત્ર હીલસ્ટેશન માઉન્ટઆબુમાં તાપમાન માઈનસ ૩.૪ ડીગ્રીએ પહોંચી જતાં આબુમાં બરફ જામ્યો છે અને તેની સીધી અસરથી ઉત્તર ગુજરાત ઠંડુગાર બની રહેતાં કાતિલ ઠંડીનું કારણ શું..?? તે પ્રશ્ન સૌ માટે ચિંતાનો વિષય બન્યો છે ત્યારે વૈજ્ઞાનિકોના મત મુજબ વૈશ્વિક તાપમાન વધ્યુ તેની સીધી અસર બરફના પહાડો ઉપર થઈ છે. હિમાલય અને એન્ટાર્કટીક કે જ્યાં બરફના પહાડો છે તે છેલ્લા કેટલાક સમયથી ઓગળી રહ્યા છે અને પીગળતું બરફનું પાણી વૈશ્વિક ઠંડી રેલાવી રહ્યું છે. જો કે વૈજ્ઞાનિક તથ્ય મુજબ પૃથ્વી ઉપર પાણી અને હીમની સ્થિતિ સમયાંતરે બદલાતી રહે છે. હજારો વર્ષ પહેલાં ધરતીનો મોટો ભાગ બરફની ચાદર હેઠળ હતો ૧૦-૧૫ હજાર વર્ષ પહેલાં પૂર્વ યુરોપ અને ઉત્તર અમેરીકાનો વિસ્તાર બરફાચ્છાદિત હતો અને ફરી એકવાર આવી સ્થિતિ ઉભી થઈ રહી છે. બરફએ પાણીનું ઘન સ્વરૂપ છે અને તે પીગળે ત્યારે કાતિલ ઠંડીનો અનુભવ કરાવે છે. બરફ ઉપર ઠંડી લાગે તેના કરતાં તેના પાણીની ઠંડક કાતિલ અનુભવ કરાવતી હોય છે. મહાસત્તા બનવા આગળ વધતા આપણા દેશમાં હવામાનની વિષમ પરિસ્થિતિ વિશે ભલે જાજી ચિંતા ન કરાતી હોય પરંતુ શિકાગો યુનિવર્સિટીના અહેવાલ મુજબ વૈશ્વિક ઠંડક પ્રસરવાનો અને હીમયુગની આહટનો સમય દરવાજે આવીને ઉભો છે. પૃથ્વી ઉપર ૨/૩ ભાગ પર પાણી છે જે ઠંડક વધવા સાથે બરફ બનતાં વાર લાગે તેમ નથી. જ્યારે બરફ સ્વરૂપે પાણીનો જથ્થો દક્ષિણ ગૃહમાં વધુ માત્રામાં જોવા મળી રહ્યો છે અને કુલ બરફનો ૧૦મો ભાગ ત્યાં સંગ્રહાયેલો છે આ ઉપરાંત બરફના ઉંચા પહાડો પણ જોખમ વધારી શકે તેવી ચિંતા વચ્ચે હિમાલયમાં ગ્લેસીયર પણ ઝડપથી પીગળી રહ્યા છે અને તેના ભાગરૂપે દેશ સહિત વિશ્વમાં બરફ વર્ષા સાથે શિયાળાનો કાતિલ અનુભવ થઈ રહ્યો છે અને વૈશ્વિક તાપમાનની આડઅસરથી હિમયુગની આહટ સંભળાતાં વિશ્વભરના વૈજ્ઞાનિકોની ચિંતા અનેક ગણી વધી ગઈ છે.

### અત્યાર સુધીમાં ૮ હિમયુગ થઈ ચૂક્યા છે

પર્યાવરણની પરવા કર્યા વગરના અખતરા અને અવિચારી વૈજ્ઞાનિક પરીક્ષણોના કારણે આપણે ઘણું ગુમાવ્યું છે અને હવે તેની વિપરીત અસરો પણ સમગ્ર વિશ્વ ભોગવી રહ્યું છે. ગ્લોબલ વોર્મિંગ શબ્દ હવે તમામ લોકોના મોંઢે ચડી ગયો છે. ત્યારે હવે જુદી જ રીતે ગ્લોબલ કુલીંગની શરૂઆત થવા જઈ રહી હોય તેમ ધરતી ઉપર હીમયુગની આહટ સંભળાઈ રહી છે. સૂર્ય તમામ જીવ સૃષ્ટી, પ્રકૃતિ અને પર્યાવરણ માટે મહત્વનો નહીં પરંતુ ગણો આવશ્યક છે. સૂર્યના કિરણ પૃથ્વી ઉપર ન પડે તો ઠંડક ઝડપથી વધવા માંડે અને પાણીને બરફમાં રૂપાંતરીત કરી દે. વૃક્ષ અને વનસ્પતિ પણ નાશ પામે અને ઓક્સિજનના પ્રમાણમાં ફેરફાર થવાથી શ્વાસ લેવામાં પણ પરેશાની થાય આમ સૂર્યની ગરમી જ પૃથ્વી પર ગરમી અને ઠંડક લાવે છે ત્યારે કોલંબિયા, કેમ્બ્રીઝ અને બ્રાઉન એમ ત્રણ યુનિવર્સિટીના વૈજ્ઞાનિકોએ આ વિષયમાં ઉંડાણપૂર્વકનો અભ્યાસ કર્યો છે અને તેમના અહેવાલ મુજબ અત્યાર સુધીમાં પૃથ્વી ઉપર આઠવાર હિમયુગ આવી ચૂક્યો છે. હવે જો આપણે નહીં સમજીએ તો નવમીવાર પણ હિમયુગ આંગણે આવીને ઉભો રહે તે દિવસો દૂર નહીં હોય.

### ઈસરોની નજર હિમાલયના બરફના પહાડો ઉપર

અમદાવાદ સ્થિત ઈસરોનું એક એકમ હિમાલયના બરફના પહાડો ઉપર નજર રાખી રહ્યું છે અને ઉપગ્રહ વડે ફોટા, નક્શા વગેરે મેળવી હિમાલયના બરફીલા પહાડોમાં થતી હલચલનો અભ્યાસ શરૂ કર્યો છે. આ એકમના અહેવાલ મુજબ હિમાચલ પ્રદેશના વસપા બેસીનમાં ચાર હિમ પહાડ છે જે ઝડપથી પાતળા થઈ રહ્યા છે. જ્યારે ૧૫ અન્ય ગ્લેસીયર એવાં છે જેમાં અગાઉ જેટલો બરફ સંગ્રહાતો નથી સન-૨૦૦૦થી ૨૦૦૨ દરમ્યાન આ હિમ પહાડોમાં ૦.૨૩૪૭ ક્યુબીક બરફ ઓછો થઈ ગયો હતો. જો આ વિસ્તારમાં આ જ પ્રકારની સ્થિતિ રહી તો જે ચાર હિમ પહાડ પોતાનું અસ્તિત્વ જે રીતે ગુમાવી રહ્યા છે તે જોતાં ૨૦૪૦માં હિમ પહાડો સંપૂર્ણપણે ઓગળી જવાની ભીતી સેવાઈ રહી છે. જો કે અત્યાર સુધી વૈશ્વિક તાપમાનની આડઅસર રૂપે ગ્લોબલ વોર્મિંગનો હાઉ વર્તાતો હતો પરંતુ હવે વિશ્વ સહિત દેશના અનેક વિસ્તારોમાં બરફ વર્ષા અને કાતિલ ઠંડીનું જોર જોતાં આવનારા દિવસોમાં ગ્લોબલ કુલીંગ માટે પણ આપણે તૈયારીઓ કરવી પડશે તે દિવસો હવે દૂર નથી.



### વગોવાયેલુ પાત્ર ચાડીયો..!!

આદિકાળથી ચાડીયાનું પાત્ર સમાજમાં ખુબ વગોવાતું આવ્યું છે. પરંતુ ખેડૂતો માટે તો ચાડીયો ખેતરના ચોકીયાતનું કામ કરતો હોય છે એટલે જ ખેતરોમાં વાવણી કર્યા પછી ખેતરો વચ્ચે ચાડીયાને ઉભો કરી દેવાતો હોય છે. જે ખેતરમાં ચાડીયો ઉભો હોય ત્યાં પક્ષીઓ ફરકતા નથી અને પાકનું રક્ષણ થતું હોય છે. જો કે સમય બદલાતાં ચાડીયાના સ્વરૂપમાં પણ ખેડૂતો બદલાવ લાવ્યા હોય તેમ એક ખેડૂતે ચાડીયાને પેન્ટ-શર્ટ પહેરાવ્યા પછી હાથમાં તીર પકડાવી ચાડીયાને ખેતર વચ્ચે ઉભો કરી દેતાં આવનારા દિવસમાં હાથમાં રાયફલ લઈને ઉભેલો ચાડીયો જોવા મળે તો નવાઈ પામવા જેવું નહીં હોય.

---

### ખેડૂતોને પાણીનું મૂલ્ય સમજાયું

## સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાના ખેડૂતો ડ્રીપ ઈરીગેશનથી ખેતી કરવા તરફ વળ્યા

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં પાછલા કેટલાક વર્ષોમાં અપૂરતા અને અનિયમિત વરસાદથી ખેડૂતોના બોરકૂવા તથા કૂવાનાં પાણી પાતાળે પહોંચી જતાં ખેડૂતોને હવે સિંચાઈના પાણીનું મૂલ્ય સમજાયું હોય તેમ મોટા ભાગના ખેડૂતો ડ્રીપ ઈરીગેશનથી ખેતી કરવા તરફ વળ્યા છે. જિલ્લામાં રવી સીઝનની ખેતીના પ્રારંભ પછી અનેક ખેતરોમાં ડ્રીપ ઈરીગેશનથી સિંચાઈની કામગીરી શરૂ થઈ છે અને ખેતરોમાં સિંચાઈના પાણીનો વ્યય અટકી જનારો હોવાથી લાંબા ગાળે ડ્રીપ ઈરીગેશનના ફાયદા જોઈ વધુ ને વધુ ખેડૂતો ડ્રીપ ઈરીગેશનથી ખેતી કરવા તરફ પ્રેરાયા છે.

રાજ્ય સરકારે ખેતી ક્ષેત્રે આમૂલ પરીવર્તન લાવવા માટે અને ખેડૂતોની આર્થિક સ્થિતિમાં સુધારો લાવવા વૈજ્ઞાનિક ઢબે ખેતી કરવા માટે ખેડૂતોને આહવાન કરતાં પરંપરાગત પદ્ધતિથી ખેતી કરતા ગામડાંના ખેડૂતો હવે આધુનિક ઢબથી ખેતી કરતા થયા છે જ્યારે સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાના મોટા ભાગના વિસ્તારોમાં આજે પણ સિંચાઈની સુવિધાઓ ખેડૂતોને ઉપલબ્ધ થઈ ન હોવાથી નાના



ખેડૂતો સિંચાઈનાં પરંપરાગત સાધનો થકી ખેતી કરતા હોય છે પરંતુ તેમાં પાણીનો વધુ વ્યય થતો હોવાથી ખેડૂતોને ફાયદા કરતાં નુક્સાન વધુ જતું હોય છે. જ્યારે છેલ્લા કેટલાક વર્ષોથી તો અપૂરતો અને અનિયમિત વરસાદ વરસતાં ખેડૂતોના બોર-કૂવાના પાણીનાં સ્તર નીચે ઉતરી જતાં ખેડૂતો માટે ખેતી પાકને બચાવવો પણ મુશ્કેલ બની રહ્યો હતો. જિલ્લામાં અપૂરતા વરસાદ અને તળીયે પહોંચેલા પાણીના સ્તરે ખેડૂતોને આધુનિક સિંચાઈ પદ્ધતિઓથી ખેતી કરવા માટે મજબૂર કર્યા હોય તેમ માંડે માંડે પણ ખેડૂતોને સમજ આવી છે અને ડ્રીપ ઈરીગેશનના સહારે ખેડૂતો ખેતી કરતા થયા છે. જ્યારે આધુનિક પદ્ધતિથી ખેડૂતો ખેતી કરતા થાય તે માટે સરકાર તરફથી પણ આધુનિક સિંચાઈનાં સાધનો ખરીદવા માટે જોઈતી સહાય પણ પૂરી પાડવામાં આવતી હોવાથી ગામડાંના ખેડૂતો કે જે પહેલાં કૂવા તથા બોરના પાણીથી ખેતરોમાં વાવેતર થયેલા પાકને સિંચાઈનું પાણી આપતા હતા તે આજે ડ્રીપ ઈરીગેશનથી પાણીનું સિંચન કરી રહ્યા છે. ખેતીક્ષેત્રે ડ્રીપ ઈરીગેશન પદ્ધતિના ઉપયોગથી પાકમાં નિંદામણ ઓછું થાય છે અને પ્રમાણસરના સિંચાઈના પાણીથી પાકની વૃદ્ધિ પણ ઝડપથી થતાં ઉત્પાદન સારૂ થતું હોય છે. જ્યારે પરંપરાગત જૂની પદ્ધતિનાં સિંચાઈનાં સાધનોથી ખેતી કરવામાં આવે તો પાણીનો મોટો વ્યય થાય છે અને તેની વિપરીત અસરો ખેડૂતોએ જ સહન કરવાનો વારો આવતો હોવાથી આજે મોટા ભાગના ખેડૂતો ધીરે ધીરે ડ્રીપ ઈરીગેશનથી ખેતી કરવા તરફ વળ્યા છે. જિલ્લામાં રવી સીઝનની ખેતીનો ધમધમાટ શરૂ થયો છે અને બાકી રહી ગયેલા કેટલાક ખેડૂતોએ નવી સીઝનની ખેતીનો પ્રારંભ ડ્રીપ ઈરીગેશનની પદ્ધતિથી જ શરૂ કરવાનું મન બનાવી લેતાં ખેતરોમાં ડ્રીપ ઈરીગેશનની લાઈનો ખેતરોમાં પથરાવવા લાગી છે.

---

## બાયડ-દહેગામ, ધનસુરા-હરસોલ માર્ગ ઉપર નંબર વગર દોડતાં ડમ્પરોનું જોખમ

બાયડ-દહેગામ, ધનસુરા-હરસોલ માર્ગ વધતા જતા અકસ્માતોથી અત્યંત જોખમી બની રહ્યાં છે ત્યારે છેલ્લા કેટલાક સમયથી આ માર્ગ ઉપર પાર્સિંગ નંબર વગરના ડમ્પરો મોતના વાહનની જેમ પૂરપાટ ઝડપે દોડવા લાગતાં નાના વાહનો તથા રાહદારીઓના માથે હાઈવે ઉપર મોત ભમતું હોય તેવું દેખાઈ રહ્યું છે ત્યારે પોલીસ નંબર વગરના ડમ્પરો સામે કડક કાર્યવાહી હાથ ધરે તેવી માંગ ઉઠવા પામી છે.

જિલ્લામાં માર્ગ સલામતી સપ્તાહના દર વર્ષે દેખાડા થાય છે આ વર્ષે પણ દેખાડાની ટુંકમાં શરૂઆત થશે. સપ્તાહ દરમ્યાન નાના-મોટા તમામ વાહન ચાલકોને માર્ગો ઉપર અકસ્માતો ઘટાડવાની ટીપ્સ આપી જીવલેણ અકસ્માતો ન થાય અને કીમતી માનવ જીંદગીઓ વાહન અકસ્માતોનો ભોગ ન બને તે હેતુસર મોટી મોટી વાતો કરવામાં આવશે પરંતુ હાઈવે માર્ગો ઉપર દોડતા વાહનોના પાર્સિંગ નંબર સ્પષ્ટ રીતે દેખાય છે કે કેમ તે બાબતે કોઈ જ લક્ષ આપવામાં આવ્યું ન હોવાથી જિલ્લામાં અજાણ્યા વાહનોના અકસ્માતો અનેક ગણા વધ્યા છે.

---

## સાબરકાંઠા-અરવલ્લીમાં ઉત્તરાયણ પૂર્વે નકલી દોરીનું બજાર ધમધમ્યું

### પતંગ રસિયાઓને છેતરવાની શરૂઆત

બાયડ તા.૧૧

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં ઉત્તરાયણના તહેવારને આડે માત્ર બે દિવસ જેટલો સમય બાકી રહેતાં બજારો રંગબેરંગી પતંગોથી સજવા લાગ્યાં છે જ્યારે પતંગ પર્વ અગાઉ પતંગ રસિયાઓને છેતરવાની શરૂઆત થઈ ગઈ હોય તેમ જિલ્લાના અનેક વિસ્તારોમાં નકલી દોરીનું બજાર ધમધમવા લાગ્યું છે. કેટલીક જાણીતી બ્રાન્ડોની નકલી દોરી ઓરીજીનલ બ્રાન્ડની અડધી કિંમતે વેચાતી હોવાથી પતંગ રસિયાઓ લાલચમાં આવી જઈ નકલી દોરી ખરીદી રહ્યા હોવાથી જાણીતી કંપનીઓને દોરીના વેચાણમાં મોટો ફટકો પડશે તેવું દેખાઈ રહ્યું છે.

જિલ્લામાં ઉત્તરાયણનો તહેવાર નજીક આવતો જાય છે તેમ પતંગ બજારોમાં રોનક આવવાની સાથે પતંગ-દોરીનું વેચાણ અત્યારથી જ ઉત્સાહજનક શરૂ થયું છે. જિલ્લાના મોટા ભાગના બજારોમાં રંગબેરંગી પતંગોથી દુકાનો સજવા લાગી છે અને પતંગ રસિયાઓએ દોરીની ખરીદીમાં મન પરોવતાં બજારોમાં સાંકળ આઠ, પાન્ડા અને આર.ડી.એક્સની દોરીની સારી માંગ દેખાઈ રહી છે. પરંતુ તેનો ગેરલાભ કેટલીક નકલી કંપનીઓ ઉઠાવી રહી હોય તેમ જિલ્લાના અનેક વિસ્તારોમાં અત્યારે જાણીતી બ્રાન્ડની નકલી દોરીનું બજાર ધમધમવા લાગ્યું છે. જ્યારે જાણીતી બ્રાન્ડની નકલી દોરી પતંગ બજારમાં અડધી કિંમતથી વેચાતી હોવાથી પતંગ રસિયાઓ પણ દોરી ખરીદવા માટે લલચાઈ રહ્યા છે પરંતુ નકલી દોરીની મજબૂતાઈ ઓરીજીનલ દોરી જેવી ન હોવાથી આકાશમાં પતંગ ચગે ન ચગે ત્યાં પતંગ કપાઈ જવાની પૂરી શક્યતાઓ રહેલી છે. ટૂંકમાં સસ્તી દોરી શોધી બીજાની પતંગ કાપવા માટે ઉત્સુક પતંગ રસિયાઓએ તો નકલી દોરી ખરીદી પસ્તાવું જ પડશે તેવું દેખાઈ રહ્યું છે. દર વર્ષે ઉત્તરાયણની નજીકના દિવસોમાં દોરીનો સારો ઉપાડ જોવા મળતો હોય છે અને તેની સાથે બજારોમાં નકલી કંપનીઓ પગપેસારો કરી ભળતા નામે દોરી બજારમાં વેચાણમાં મૂકતા હોવાથી કેટલાય પતંગ રસિયાઓ છેતરાઈ જતા હોય છે. જિલ્લામાં હવે ઉત્તરાયણના પર્વમાં પણ નકલની બોલબાલા વધી ગઈ હોય તેમ જાણીતી ઓરીજીનલ બ્રાન્ડની કંપનીઓ નકલી દોરીઓ બજારમાં વધુ માત્રામાં ઠલવાતી હોવાથી જાણીતી કંપનીઓને લાખો રૂપિયાનું નુક્સાન સહન કરવાની સાથે પતંગ રસિયાઓ છેતરાતા હોય છે ત્યારે આ અંગે જરૂરી પગલાં લઈ નકલી દોરીના વેચાણ ઉપર પ્રતિબંધ મૂકવો જોઈએ તેવો સૂર પતંગ રસિયાઓમાંથી ઉઠવા પામ્યો છે. જિલ્લામાં નકલી દોરીના આગમન પછી પ્રતિબાંધિત ચાઈનીઝ દોરીનું પણ કેટલાક વિસ્તારોમાં છાને છપને વેચાણ થતું હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

---

## શામળાજી પાસે દેવનીમોરીમાં બુદ્ધ સ્મારક બનાવવાની જાહેરાત પછી ઈંટ પણ મૂકાઈ નથી

બાયડ તા.૧૧

અરવલ્લીના યાત્રાધામ શામળાજી



નજીક દેવનીમોરીમાં સમગ્ર વિશ્વના પ્રવાસીઓને આકર્ષિ શકાય તેવું બુદ્ધ સ્મારક બનાવવાની જાહેરાત પછી આરંભે સૂરાની જેમ સ્મારક માટે જમીન ફળવાયા પછી સ્મારક તો દૂર પરંતુ એક ઈંચ પણ મૂકવામાં ન આવતાં સ્મારકની જાહેરાત અદ્ધરતાલ બની રહી છે. વર્ષ-૨૦૧૭માં સંભવિત સ્મારકની ડીઝાઈનના ગ્રાફ સોશ્યલ મીડીયામાં વાયરલ થતાં સમગ્ર જિલ્લામાં આનંદ છવાયો હતો પરંતુ ત્યાર પછીની કામગીરી આગળ વધી જ ન હોવાથી સમગ્ર વિશ્વને આકર્ષિક શકે તેવું સ્મારક ક્યારે બનશે..?? તેની રાહ જિલ્લાની પ્રજા જોઈ રહી છે.

જિલ્લાના યાત્રાધામ શામળાજીનું આગવું પૌરાણિક મહત્વ રહેલું છે. ભગવાન દેવગદાધર વિષ્ણુ મંદિરની સાથે રાજા હરીશચંદ્રની ચોરી ઉપરાંત અન્ય મંદિરોની કલાત્મકતા તેમજ પૌરાણિક્તાને જોઈ અનેક મુલાકાતીઓ શામળાજીના દર્શને અને પ્રાચીન વારસાને નજીકથી જોવા માટે આવતા હોય છે. શામળાજીમાં ૧૦ થી ૧૫ મી સદીના મંદિરો તેમજ અન્ય સ્મારકોનું મહત્વ વધે તે માટે



શામળાજી નજીક દેવનીમોરીમાં બુદ્ધ સ્મારક બનાવવા માટેની જાહેરાતો થઈ હતી પરંતુ તે હવામાં વિલીન થઈ ગઈ હોય તેવી સ્થિતિ છે. શામળાજી તેમજ દેવનીમોરીમાં પ્રાચીન સમયમાં બુદ્ધે વિહાર કર્યાના અવશેષો અગાઉ મળી આવ્યા હતા જેથી રાજ્ય સરકાર દ્વારા દેવનીમોરીને પ્રવાસન ધામ તરીકે વિકસાવવાનો નિર્ણય લેવાયો હતો.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તા.૩૦ જૂન-૨૦૧૭ના રોજ અરવલ્લી જિલ્લામાં ૬૭૪ કરોડના વિકાસ કામોનું લોકાર્પણ કર્યું હતું તે સમયે દેવનીમોરીને ખાસ યાદ કરી સમગ્ર વિશ્વને બુદ્ધ સ્મારક પ્રત્યે આકર્ષણ ઉભું થાય તેવું સ્મારક બનાવવાની સેંકડોની જનમેદની વચ્ચે જણાવ્યું હતું પરંતુ ત્યાર પછી કોઈ વાત આગળ વધી જ નથી. માત્ર તંત્રએ જમીન ફાળવીને સંતોષ માન્યો હોય તેવી સ્થિતિ છે. જે તે સમયે સંભવિત સ્મારકની ડીઝાઈનના ગ્રાફ સોશ્યલ મીડીયામાં પણ વાયરલ થયા હતા. જ્યારે શરૂઆતમાં ટી.જી.સી.એલ. દ્વારા કામગીરી જોરશોરથી શરૂ કરવામાં આવશે તેવી જાહેરાતો આજે માત્ર જાહેરાત પૂરતી જ સિમિત



બની છે. અરવલ્લી જિલ્લામાં દેવનીમોરીમાં સમગ્ર વિશ્વના પ્રવાસીઓ આકર્ષાય તેવી જાહેરાતો પછી બુદ્ધની નગરી તરીકે ઓળખાતા સ્થળની બૌદ્ધ લામૌએ પણ મુલાકાત લીધી હતી પરંતુ ત્યાર પછી ફળવાયેલી જમીન ઉપર એક ઈંટ પણ મૂકવામાં ન આવતાં વડાપ્રધાનનું બૌદ્ધ સ્મારકનું વચન ક્યારે પરીપૂર્ણ થશે..?? તેના ઉપર સૌ કોઈની નજર ટેકવાઈ છે.